# ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી

ચોથો માળ, સહયોગ સંકુલ, સેક્ટર-૧૧, ગાંધીનગર – ૩૮૨૦૧૦

Phone : (079) 232-58659 | Website : https://gujrera.gujarat.gov.in


ક્રમાંક : ગુજરેરા/પરિપત્ર-૩૩/ /૨૦૨૨ તા. 8 JUN 2022

## પરિપત્ર

વિષય : ગુજરેરા પોર્ટલ પર ત્રિમાસિક અહેવાલ ભરવા બાબત.

સંદર્ભ : ગુજરેરાનો હુકમ-૬૩ તા.૦૮/૦૩/૨૦૨૨

ગુજરેરાના હુકમ નં. ૬૩ અન્વયે પ્રમોટરશ્રી દ્વારા ભરવાના થતા ત્રિમાસિક અહેવાલ (QPR) નાણાકીય વર્ષ (Financial Year) 2022-23 થી રોલીંગ ક્વાર્ટર (ત્રિમાસિક અહેવાલ) પદ્ધતિને સ્થાને ફાઈનાન્શીયલ ક્વાર્ટર (Financial Quarter) અનુસાર ભરવાની પદ્ધતિ અમલમાં આવેલ છે. જે મુજબ તા.૦૭/૦૪/૨૦૨૨, ૦૭/૦૫/૨૦૨૨, ૦૭/૦૬/૨૦૨૨, અને ૦૭/૦૭/૨૦૨૨ ની આખર તારીખ ધરાવતા ત્રિમાસિક અહેવાલ (QPR) તા.૦૭/૦૭/૨૦૨૨ સુધીમાં ભરવાના રહે છે.

ગુજરેરાના પોર્ટલ ૨.૦ માં ફાઈનાન્શીયલ ક્વાર્ટર મુજબ પ્રથમ ત્રિમાસિક અહેવાલ (એપ્રિલ, મે, જૂન) ભરવાની છેલ્લી તા.૦૭/૦૭/૨૦૨૨ ના રોજ છે, જે પ્રમોટરના લોગીનમાં ઉપલબ્ધ છે. પરંતુ જે પ્રમોટર ગુજરેરાના પોર્ટલ ૧.૦ નો ઉપયોગ કરી રહેલ છે તેમના પ્રોજેક્ટના લોગીનમાં રોલીંગ ક્વાર્ટર (ત્રિમાસિક અહેવાલ) અનુસાર તા.૦૭/૦૪/૨૦૨૨, ૦૭/૦૫/૨૦૨૨, ૦૭/૦૬/૨૦૨૨ ના રોજ ભરવાની આખર તારીખ હોય તેવા ક્વાર્ટર ઉપલબ્ધ છે. જે હાલમાં ભરવા માટે એક્ટિવ છે. જેથી જે પ્રમોટરશ્રીઓ રેરાના પોર્ટલ ૧.૦ માં છે તેઓ નાણાકીય વર્ષ (Financial Year) ૨૦૨૨-૨૩ ના પ્રથમ ક્વાર્ટર માટેનો ત્રિમાસિક અહેવાલ તેઓના લોગીનમાં ઉપલબ્ધ એક્ટિવ ક્વાર્ટર અનુસાર (એટલે કે, તા.૦૭/૦૪/૨૦૨૨, ૦૭/૦૫/૨૦૨૨, ૦૭/૦૬/૨૦૨૨, અને ૦૭/૦૭/૨૦૨૨) અનુસાર ભરીને ત્રિમાસિક અહેવાલ અંગેની જોગવાઈનું અનુપાલન (Compliance) કરી શકશે. એટલે કે, પોર્ટલ ૧.૦ નો ઉપયોગ કરી રહેલ પ્રમોટર્સ પણ તેઓના લોગીનમાં એક્ટિવ ત્રિમાસિક અહેવાલ તા.૦૭/૦૭/૨૦૨૨ સુધી ભરી શકશે.

તમામ પ્રમોટરશ્રીઓને ઉપલબ્ધ વ્યવસ્થા મુજબના ત્રિમાસિક અહેવાલ (QPR) સત્વરે ભરી દેવા જાણ કરવામાં આવે છે. તેમજ જે પ્રમોટરશ્રીઓ દ્વારા પ્રોજેક્ટના લાગુ પડતા ત્રિમાસિક અહેવાલ (QPR) સમયસર રજૂ નહીં કરવામાં આવે તે પ્રમોટરશ્રીઓ સામે ઓથોરીટી દ્વારા નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સચિવ

ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી,

ગાંધીનગર